| કેસ દાખલ તારીખ | ૧૭–૦૫–૨૦૨૪ | | |
|---|---|---|---|
| કેસ નોંધણી તારીખ | ૧૭–૦૫–૨૦૨૪ | | |
| કેસ ફેંસલ તારીખ | ૧૬–૦૩–૨૦૨૬ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | |

**જુનાગઢના મે.છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુકામ : જુનાગઢ**

**ફોજદારી અપીલ નંબર : ૪૮/૨૦૨૪.**

**આંક–**

**એપેલન્ટ:–** રવિ મનસુખભાઈ લાખાણી,
ઉ.વ.૩૪, ધંધો–વેપાર, ધર્મે–હિન્દુ,
રહે.ઝાંઝરડા રોડ, જોગીપાર્ક, શેરી નં.૩,
સનવેલી એપાર્ટમેન્ટ, બીજોમાળ,
બરડાઈ સમા પાછળ, જુનાગઢ.

**–: વિરૂધ્ધ :–**

**રીસ્પોન્ડન્ટસ :–** (૧) જયદિપભાઈ ધીરજલાલ પેથાણી,
ઉ.વ.આ.પુખ્ત, ધંધો–વેપાર, ધર્મે–હિન્દુ,
રહે.૮, જોગીપાર્ક, જોષીપુરા, જુનાગઢ.
(૨) જીલ્લા સરકારી વકીલશ્રી,
સમન્સ થ્રુ, જીલ્લા સરકારી વકીલશ્રી,
જુનાગઢ.

બાબત : ક્રિમી. પ્રોસી. કોડની કલમ– ૩૭૪ અન્વયે અપીલ.

---

| | | |
|---|---|---|
| એપેલન્ટ તરફે | : | વિ.વકીલશ્રી એન.આર.કલોલા |
| રીસ્પોન્ડન્ટ નં.૧ તરફે | : | વિ. વકીલશ્રી આર.ડી.ઠાકર |
| રીસ્પોન્ડન્ટ નં.૨ તરફે | : | વિ.પી.પી.શ્રી એસ.ડી.જોટાનીયા |

---

**–: ચુકાદો :–**

**(૧)** હાલના કામેના એપેલેન્ટે ક્રિમી. પ્રોસી. કોડની કલમ–૩૭૪ અન્વયે વિ. બીજા એડી.ચીફ જયુડી.મેજી.શ્રી, જૂનાગઢના ફોજદારી કેસ

નં.૬૭૬૮/૨૦૨૨ ના કામે તા.૧૮/૦૪/૨૦૨૪ ના રોજ આપેલ જજમેન્ટથી નારાજ થઈ હાલની અપીલ દાખલ કરેલ છે.

હાલના કામે વિ. ટ્રાયલ કોર્ટ ધ્વારા એપેલેન્ટ /આરોપીને નેગોસીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવવામાં આવેલ છે અને તેઓને ધી નેગોસીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી ૨ વર્ષની સાદી કેદની સજા અને ફરીયાદીને ચેકની રકમ રૂા.૧,૦૦,૦૦૦/– ની બમણી રકમ રૂા.૨,૦૦,૦૦૦/– ચેકની તારીખથી ચુકવણીની તારીખ સુધી ૯ ટકાના સાદા વ્યાજ સહીત વળતર પેટે ફરીયાદીને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવેલ છે.

આ કામેના એપેલેન્ટ ટ્રાયલ કોર્ટ સમક્ષ આરોપી રહેલ છે. જયારે આ કામેના રીસ્પોન્ડન્ટ ફરીયાદી રહેલ છે. જેથી હવે પછી તેઓનો એપેલેન્ટ/ આરોપી તરીકે તથા રીસ્પોન્ડન્ટને ફરીયાદી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

આ કામે અપીલ દાખલ થતા ટ્રાયલ કોર્ટનો ફોજ. કેસ નં. ૬૭૬૮/૨૦૨૨ નુ અસલ રેકર્ડ મંગાવવામાં આવેલુ છે અને ટ્રાયલ કોર્ટ સમક્ષનો પુરાવો તથા ટ્રાયલ કોર્ટે આપેલ જજમેન્ટ તથા હુકમ વંચાણે લીધેલ છે.

(૨) હાલના કામેની ફરીયાદપક્ષની ટુંકમાં હકીકત જોવામાં આવે તો તે નીચે મુજબ છે.

ફરીયાદીએ નેગોસીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયે આરોપી સામે ફરીયાદ દાખલ કરેલી. ફરીયાદી અને આરોપી એકબીજાને આશરે પાંચ–છ વર્ષથી ઓળખે છે. આ કામના આરોપીને આશરે બે વર્ષ પહેલા નાણાની જરૂર પડતા આ કામના આરોપીએ ફરીયાદી પાસેથી નાાણાંની માંગણી કરતા આ કામના આરોપીને કટકે કટકે કુલ રૂા.૧,૦૦,૦૦૦/– અંકે રૂપિયા એક લાખ પુરા હાથ ઉછીના આપેલા. બાદ આ કામના ફરીયાદીને નાણાંની જરૂરીયાત ઉત્પન્ન થતા આ કામના ફરીયાદીએ નાણાંની ઉઘરાણી કરેલ. જેથી

આરોપીએ ફરીયાદીને તેઓની ખાતેદાર બેંક એચ.ડી.એફ.સી.બેંક, જેતપુર રોડ, જુનાગઢ શાખાનો ચેક, જેનો નંબર ૦૦૦૧૪૧, તા.૨૦/૦૯/૨૦૨૨ ના રોજ રૂા.૧,૦૦,૦૦૦/– નો તેઓના હસ્તાક્ષરમાં લખીને આપેલ. આ ચેક ફરીયાદીએ તે નાણાંની સ્વીકૃતી અને વસુલાત માટે ચેક તા.૨૦/૦૯/૨૦૨૨ ના રોજ તેની ખાતેદાર બેંકમાં જમા કરાવતા તે ચેક તા.૨૧/૦૯/૨૦૨૨ ના રોજ 'ફંડઝ ઈનસફીસીયન્ટ' ના શેરા સાથે રોજ રીટર્ન થતા ફરીયાદીએ તેઓના વકીલશ્રી મારફત તા.૦૩/૧૦/૨૦૨૨ ના રોજ ધી નેગો.ઈન્સ્ટુમેન્ટ એકટની જોગવાઈ મુજબની રજી.એડી.થી નોટીસ આ કામના આરોપીને આપેલ. જે નોટીસ તા.૦૮/૧૦/૨૦૨૨ ના રોજ આરોપીએ સ્વીકાર કરેલ ન હોય, સબબ તે નોટીસ વગર બજે પરત ફરેલ હતી. આમ, તે નોટીસ બજી ગયેલ હોય તેમ છતાં આરોપીએ નોટીસની વૈધાનીક સમય મર્યાદામાં કે આજદિન સુધી કોઈ રકમ આપેલ નથી. જેથી હાલની ફરીયાદી લાવી આરોપીએ ધી નેગોસીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયે ધોરણસર પગલા લઈ સજા કરવા તથા રૂા.૧,૦૦,૦૦૦/– ની રકમ અપાવવા અરજ કરેલ છે.

ત્યારબાદ વિ. ટ્રાયલ કોર્ટ ધ્વારા ફરીયાદીનુ વેરીફીકેશન નોંધ્યા બાદ તથા ડોકયુમેન્ટ ધ્યાને લઈ વિ. ટ્રાયલ કોર્ટ ધ્વારા ક્રિમી. પ્રોસી. કોડની કલમ–૨૦૪ મુજબ નેગોસીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો સમન્સ કાઢવામાં આવેલ છે.

ત્યારબાદ આરોપીને સમન્સ બજી જતા તેઓ તેના વિ.વકીલશ્રી મારફતે વિ. ટ્રાયલ કોર્ટમાં હાજર થયેલ. આરોપી હાજર થતા તેઓને ક્રિમી. પ્રોસી. કોડની કલમ–૨૦૭ અન્વયે ફરીયાદ તથા પેપર્સનો નકલો આપવામાં આવેલી અને આરોપીની આંક–૧૦ થી ગુન્હો કબુલાત અંગેની પ્લી નોંધવામાં આવેલી. જેમાં આરોપીએ ગુન્હો કબુલ હોવાનો ઈન્કાર કરેલ હોય અને કેસ આગળ ચલાવવા માંગતા હોય જેથી ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલી.

ફરિયાદ પક્ષ ધ્વારા વિધ્વાન ટ્રાયલ કોર્ટ સમક્ષ નીચે મુજબના સાહેદોનો મૌખિક પુરાવો લેવામાં આવેલ.

| અ.નં. | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| ૧ | ૦૫ | ફરીયાદી જયદીપભાઈ ધીરજલાલ પેથાણીની જુબાની |

ફરિયાદ પક્ષ ધ્વારા વિધ્વાન ટ્રાયલ કોર્ટ સમક્ષ નીચે મુજબનો દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

| અ.નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૧૫ | આરોપીએ આપેલ ચેક નં.૦૦૦૧૪૧ |
| ૨ | ૧૬ | રીટર્ન મેમો તા.૨૧/૦૯/૨૦૨૨ ના રોજનો |
| ૩ | ૧૭ | એડવોકેટ ધ્વારા આરોપીને આપેલ નોટીસની ઓફીસ કોપી |
| ૪ | ૧૮ | રજી.એડી.પોસ્ટથી મોકલેલ નોટીસની વિન્ડો સ્લીપ |
| ૫ | ૧૯ | આરોપીને નોટીસ બજી ગયાનો પોસ્ટ ખાતાનો ટ્રેક રીપોર્ટ |
| ૬ | ૨૦ | આરોપીને આપેલ નોટીસ રીફ્યુઝડના શેરા સાથે પણરત થયેલાનું કવર અસલ |
| ૭ | ૨૪ | કલોઝીંગ પુરશીશ |

ત્યારબાદ ફરીયાદપક્ષે આંક-૨૪ થી કલોઝીંગ પુરસીસ આપતા ફરીયાદીપક્ષનો વધુ પુરાવો રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે. જયારે આરોપીનુ ક્રિમી. પ્રોસી. કોડની કલમ-૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલુ જેમાં તેઓએ ઈન્કારાત્મક બચાવ લઈ વધુમાં જણાવેલ છે કે, તેઓ લક્ષ્મણભાઈ પુજાંભાઈને ઓળખતા નથી અને તેમની સાથે કોઈ વ્યવહાર કરલ નથી. તેમજ લક્ષ્મણભાઈ પુજાંભાઈને ચેક આપેલ હોય તેવુ બનેલ નથી. તેમજ નોટીસ બજેલ નથી.

વિ. ટ્રાયલ કોર્ટે આ કામે ફરીયાદપક્ષના વિ. વકીલશ્રી તથા આરોપીપક્ષ તરફેના વિ. વકીલશ્રીની દલીલો સાંભળી તથા પુરાવાનુ મુલ્યાંકન કર્યા બાદ વિ. ટ્રાયલ કોર્ટ ધ્વારા આરોપીને નેગોસીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની

કલમ–૧૩૮ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવવામાં આવેલ છે અને તેઓને ધી નેગોસીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી ૨ વર્ષની સાદી કેદની સજા અને ફરીયાદીને ચેકની રકમ રૂા.૧,૦૦,૦૦૦/–ની બમણી રકમ રૂા.૨,૦૦,૦૦૦/– ચેકની તારીખથી ચુકવણીની તારીખ સુધી ૯ ટકાના સાદા વ્યાજ સહીત વળતર પેટે ફરીયાદીને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) સદરહુ હુકમથી નારાજ થઈ આરોપી અત્રેની કોર્ટ સમક્ષ અપીલ લાવેલ છે. જેમાં મુખ્ય કારણો નીચે મુજબ છે.

**૧.** નામદાર નીચેની અદાલતે નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૪૨(બ) માં જણાવેલ જોગવાઈનુ સાચુ અર્થઘટન નહી કરવામાં કાયદાના મુદ્દા ઉપર ગંભીર ભુલ કરેલ છે.

**૨.** નીચેની નામદાર કોર્ટે મુળ ફરીયાદીએ પ્રસ્તુત અને એડમીશીયેબલ કાયદાના પ્રબંધો મુજબના પુરાવાઓ ધ્વારા પુરવાર કરેલ હોવાનુ માનેલ હોય, નીચેની અદાલતનો વિવાદવાળો ઠરાવ કાયદાની ક્ષતીવાળો અને ભુલ ભરેલ હોય, જે રદ થવાને પાત્ર છે.

**૩.** નીચેની નામદાર અદાલતમાં એપેલેન્ટ વિરૂધ્ધ ચલાવાયેલ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ સમરી પ્રકારની છે, અને ક્રી.પ્રો.કોડની કલમ–૩૨૬ તથા ૨૬૦ ના પ્રબંધો મુજબ ચલાવવાનો આદેશ છે, તે મુજબ એકજ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબે આ સમગ્ર કાર્યવાહી ચલાવેલ ન હોય, Thus recording of evidence by one magistrate and passing order or deliver the Judgement by the other not curable irrulerity but is and iregularity.
કાયદાની મહત્વની ખામીને ધ્યાને લેતા પણ નીચેની નામદાર કોર્ટનો ચુકાદો રદ થવાને પાત્ર છે.

૪. નીચેની નામદાર કોર્ટે ફરીયાદની ઉલટ તપાસની હકીકતોને ધ્યાને ન લઈ માત્ર ફરીયાદીની સરતપાસને જ ધ્યાને લઈ ફરીયાદના કેસને પુરવાર માની કાયદાની ગંભીર ભુલ કરેલ છે.

૫. નામદાર નીચેની કોર્ટે અમો એપેલેન્ટ/આરોપીએ કરેલ રજુઆત તેમજ અમારો બચાવ વિગેરે ધ્યાને ન લઈ અને કાયદાથી વિપરીત અને કાયદાની જોગવાઈઓથી ભુલ ભરેલો ચુકાદો આપેલો હોય, જે ગેરકાયદેસર તેમજ રદ થવાને પાત્ર હોય, જેથી નામદાર નીચેની કોર્ટનો ચુકાદો રદ કરી અમો એપેલેન્ટને નીદોર્ષ છોડી મુકવાનો હુકમ કરવા અરજ છે.

૬. આ કામમાં આંક–૫ થી નામદાર નીચેની કોર્ટમાં ફરીયાદીની ઉલટ તપાસ કરવામાં આવેલ છે, જે ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવે તો બચાવપક્ષે ફરીયાદીને આર્થીક સધ્ધરતાને ચેલેન્જ કરતા પ્રશ્નો પુછેલા છે, અને ફરીયાદી પોતે પોતાના ધંધાના રોજમેળ અને હીસાબ કીતાબ રાખતા હોવાનુ સ્વીકારે છે, પરંતુ આ અંગેનો કોઈ પુરાવો નામદાર નીચેની કોર્ટમાં મુળ ફરીયાદીએ રજુ કરેલ નથી, આવા સંજોગોમાં પુરાવો રજુ ન કરે તો ફરીયાદીની વિરૂધ્ધમાં અનુમાન થાય, આ હકીકત નામદાર નીચેની કોર્ટે કેસના નિર્ણય સમયે ધ્યાને ન લઈ કાયદાની ગંભીર ભુલ કરેલ છે, જેથી નામદાર નીચેની કોર્ટનો ચુકાદો રદ થવાને પાત્ર છે.

૭. આ કામમાં ફરીયાદીની ઉલટ તપાસને આગળ ધ્યાને લેવામાં આવે તો ફરીયાદીએ તેના કહેવા મુજબનો વ્યવહાર અંગેની રકમ આરોપીને કયારે, કેટલી કેટલી આપેલી તે અંગે કશો પુરાવો આપેલ નથી, જેથી ફરીયાદી પોતાનો કાયદેસરનુ લેબુ આરોપી સામે પુરવાર કરવામાં સદંતર નીષ્ફળ ગયેલા હોય, અને જે વેચાણ દસ્તાવેજ હોવાનુ ફરીયાદીએ કબુલેલ છે, તેવો કોઈ વેચાણ દસ્તાવેજ ફરીયાદીએ આ કામમાં રજુ કરેલ નથી, આમ છતાં નામદાર નીચેની કોર્ટે આ હકીકત કેસના નીર્ણય સમયે ધ્યાને લીધેલ નથી, જેથી નામદાર નીચેની કોર્ટનો સજાનો હુકમ રદ થવાને પાત્ર છે.

૮. આ કામના મુળ ફરીયાદી પોતે પોતાની આવક અંગેનુ ઈન્કમટેક્ષ રીર્ટન ભરતા હોવાની વાત હકીકત સ્વીકારે છે, પરંતુ હાલના આરોપીને કહેવાતી રકમ

રૂા. ૧,૦૦,૦૦૦/– આપેલ હોય તો તે અંગે ઈન્કમટેક્ષ રીર્ટનની અંદર નોંધ થયેલી હોવી જોઈએ, પરંતુ ફરીયાદીએ ઈન્કમટેક્ષ રીર્ટન ભરતા સમયે આરોપીને કોઈ રકમ આપેલ હોય, અને તે પોતાના ઈન્કમટેક્ષ રીર્ટનમાં દર્શાવેલી હોય તો તે અંગેનો પુરાવો ઈન્કમટેક્ષ રીર્ટન રજુ કરી પુરવાર કરી શકયા હોત, પરંતુ નામદાર નીચેની કોર્ટમાં ટ્રાયલ દરમ્યાન ફરીયાદી તરફે કોઈ ઈન્કમટેક્ષ રીર્ટન રજુ કરી અને આરોપી સાથે થયેલો વ્યવહાર પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલા છે, આમ ફરીયાદી પોતે પોતાની ફરીયાદ પુરવાર કરવામાં સદંતર નીષ્ફળ ગયેલ હોવા છતાં નામદાર નીચેની કોર્ટે કેસના આખરી નિર્ણય સમયે આ હકીકત ધ્યાને ન લઈ કાયદાની અને હકીકતની ગંભીર ભુલ કરેલ છે, જેથી નામદાર નીચેની કોર્ટનો સજાનો હુકમ રદ થવાને પાત્ર છે.

**૯.** આ કામમાં જે અસલ ચેક રજુ થયેલ છે. તેના હસ્તાક્ષરો કોના છે. તે ચેક કયારે આપેલ છે, તે ચેક કોને આપેલ છે, તે ચેક કેટલી રકમ ચુકવવા આપેલ છે, તેવો કોઈ પણ પુરાવો ફરીયાદીએ રજૂ કરેલ નથી, અને ફરીયાદી ચેકનુ એકઝીકયુશન પુરવાર કરેલ નથી, અને એકઝીકયુશન અંગે અનુમાન થઈ શકે નહી તે અનુમાનનો વિષય નથી જયારે ફરીયાદી ચેકનુ એકઝીક્યુરાન પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલા હોય, ત્યારે તકરારી ચેક કોઈ લેણા પેટે ફરીયાદીને આરોપીએ આપેલ હોવાનુ માની શકાય નહી, પરંતુ આ હકીકત નામદાર નીચેની કોર્ટે ધ્યાને લીધેલ નથી, જેથી નામદાર નીચેની કોર્ટનો સજાનો હુકમ રદ થવાને પાત્ર છે.

**૧૦.** એપેલેન્ટ/આરોપી ઉલટ તપાસથી પોતાની ઉપરનો બર્ડન ડીસ્ચાર્જ કરી શકે છે, આ કામમાં એપેલેન્ટ/આરોપીએ ધણી બાબતો પુરવાર કરવા રીસ્પો.નં–૨/ ફરીયાદી ઉપર શીફટ કરેલ છે, જે અંગે રીસ્પો.નં–૨/ફરીયાદીએ તેની ઉપર રહેલ પુરાવાનો ભાર હળવો કરેલ નથી, એપેલેન્ટ/આરોપી પોતાની ઉપરના પુરાવાનો ભાર રીસ્પો.નં–ર/ફરીયાદીની ઉલટ તપાસમાં પણ રીબ્યુટ કરી શકે, હળવો કરી શકે, રીસ્પો.નં–૨/ફરીયાદી ઉપર શીફટ કરી શકે, રીસ્પો.નં–૨/ફરીયાદીના પુરાવાને પણ ગલત ખોટા Illegal હોવાનુ રેકર્ડ ઉપર લાવી શકે, ફરિયાદી ઉપર જેટલો ભાર Burden of proof છે, તેટલો ભાર એપેલેન્ટ/આરોપી ઉપર નથી, ફરીયાદ એન.આઈ.એકટની કલમ–૧૩૯ તથા કલમ–૧૧૮(એ) મુજબ ગેરકાયદેસર અનીયમીત પ્રુવ્ડ ન થયા હોય તેવા પુરાવાથી અનુમાનનો લાભ ન મેળવી શકે, પ્રાથમીક કે, શરૂઆતનો ભાર હળવો રીસ્પો.નં–ર/ફરિયાદીએ કરવોજ જોઈએ, આ કામમાં ફરીયાદીએ આરોપી સાથે જે વ્યવહાર કરેલ છે, તે વ્યવહાર

અંગેનો લેશમાત્ર પુરાવો ફરીયાદીએ આપેલ નથી કે, આરોપીએ ફરીયાદીને ચેક આપેલ હોવા અંગેનો ફરીયાદીએ લેશમાત્ર પુરાવો આપેલ નથી, આમ છતાં તે અંગે નો કોઈ પુરાવો આ કામમાં રીસ્પો.નં–૨/ ફરીયાદીએ રજૂ કરેલ નથી, આથી રીસ્પો.નં–૨/ફરીયાદીનો કેસ માની શકાય નહી, હાલના કેસમાં રીસ્પો.નં–૨/ફરીયાદીને મળતા અનુમાનના લાભને સંભવીતતાના અનુભાનથી આરોપી રીબ્યુટ કરી શકે.

The accused may rebut presumption by showing a mere preponderance of probability in his favour, it is not necessary for him to establish his case beyond a reasonable doubt. The evidence adduced during the testimony of the complainant. ઉપરોકત હકીકત ધ્યાને લેવામાં આવે તો હાલના કેસના એપેલેન્ટ/આરોપીએ બર્ડન ડીસ્ચાર્જ કરેલ છે, હાલના કેસમાં રીસ્પો.નં–૨/ફરીયાદીએ એવા કોઈ પુરાવાથી કોઈ ભાર આરોપી ઉપર પ્રાથમીક પુરાવાથી ભારીત કરેલજ નથી, બધા પુરાવા વિચીત્ર સેલ્ફ કોન્ટ્રાડીકટરી રીતે વિરોધાભાસી છે, એપેલેન્ટ/આરોપી રીસ્પો.નં–૨/ફરીયાદીની બાબતને ચેલેન્જ કરી ખોટી ગેરકાયદેસર ઠરાવેલ છે, પોતાની ઉપરનો Burdendischarge કરેલ છે.

**૧૧.** આ કામમાં આરોપીએ ફરીયાદીને ચેક આપેલાનો પણ પુરાવો નથી, આ ચેકનુ એકઝીકયુશન પુરવાર થયેલ નથી, ચેક તેની હાજરીમાં લખાયાનો તેની હાજરીમાં આરોપીએ સહી કરી આપેલનો પુરાવો નથી. ફરીયાદમાં તેમજ સરતપાસમાં પુરાવો નથી, ઉલટ તપાસમાં પણ આ બાબતે વિરોધાભાસી પુરાવો છે, હાલના કેસમાં ફરીયાદીએ ચેક કયાંથી કેવી રીતે આરોપીનો ચેક મેળવેલ તે બાબત પુરવાર ફરીયાદી એ કરેલ નથી. આમ ફરીયાદી ટ્રાયલ દરમ્યાન ચેકનુ એકઝીકયુશન અંગે વિરોધાભાષી પુરાવો આપેલ હોય, ચેકનુ એકઝીકયુશન ટ્રાયલ દરમ્યાન પુરવાર થત ન હોય, જેથી ફરીયાદી પોતાનો કેસ પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલા છે. May the truth is stranger than fiction at times But a Court while assessing the worth of the evidence or merit of the case. can only go by normal human conduct and natural course of events which will be digestible to a reasonable man. The court can cot evaluate the evidence on the scale of

any fiction or miracle, though it is also likely to occur once in blue moon. આમ કાલ્પનીક વાર્તાનીક જેમ ફરીયાદી વાર્તા ઘડે તે વ્યવહારને ધ્યાને લઈ ન શકાય. સત્ય ને ગમે તે રીતે પુછો દરેક વખતે તે એક સરખુ પ્રત્યાદેય બને છે, તે માનવા વર્તન જ છે. આ ચેકનુ એકઝીકયુશન પુરવાર થયેલ નથી, નામદાર હાઈકોર્ટ ડી.સી.આર.૨૦૦૬(૨) પાના નં.૪૯૪ ઉપર રીપોર્ટેડ કેસમાં પારા નં.૧૫ થી ૧૭ માં આ અંગે ખુબજ વિધ્ધતા પુર્ણ ચુકાદો આપી કાયદાનો ખ્યાલ સ્પષ્ટ કરેલ છે.

**૧૨.** નીચેની નામદાર કોર્ટે N.I.Act. Sec. 139 and 118(g)(b) તળે Presumptions do not extend regarding the existence of legally enforceable debt of liability ના કાયદાના પ્રબંધોને ધ્યાને લીધા વગર ફરીયાદી તરફે ફરીયાદનુ લેણુ કાયદેસરનુ વસુલાત પાત્ર હોવાનુ માની કાયદાની ગંભીર ભુલ કરેલ છે.

**૧૩.** નામદાર નીચેની કોર્ટે આંક–૫ થી એપેલેન્ટ તરફે રીસ્પોન્ડન્ટ ની લેવાયેલ ઉલટ તપાસમાં ભારતીય પુરાવા અધિનીયમ મુજબ અપ્રસ્તુત હોવાનુ માની નીર્ણય લેવામાં કાયદા તથા હકીકતની ગંભીર ભુલ કરેલ છે.

**૧૪.** એપેલેન્ટ તરફથી નીચેની કોર્ટમાં પુરાવાના કામે રીસ્પોન્ડન્ટનો પુરાવો પડકારેલ ન હોવાનુ કે, બર્ડન રીબ્યુટ કરેલ ન હોવાનુ માની કાયદાની ગંભીર ભુલ કરેલ છે.

**૧૫.** નામદાર નીચેની કોર્ટે એપેલેન્ટ તરફે રજુ થયેલ મૌખીક દલીલ ને ઉલટ તપાસ ધ્યાને ન લઈ તેમજ એપેલેન્ટ નામદાર નીચેની કોર્ટે ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને ન લઈ તેમજ ચુકાદામાં તે અંગેનો લેશમાત્ર ઉલ્લેખ ન કરી નિર્ણય પર આવવામાં ગંભીર ભુલ કરેલ છે.

**૧૬.** નામદાર નીચેની કોર્ટમાં મુળ ફરીયાદી(રીસ્પોન્ડન્ટ) રજુ થયેલ પુરાવા ખરા, કાયદેસરના અને ભારતીય પુરાવા અધિનિયમ મુજબ પુરવાર થયેલા નથી, આમ ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈ મુજબ મુળ ફરીયાદીએ નામદાર નીચેની

કોર્ટમાં રજૂ રાખેલ દસ્તાવેજી પુરાવાઓ ખરા અને કાયદેસરના નથી કે, મુળ ફરીયાદીએ દસ્તાવેજો ખરા પુરવાર કરેલ નથી, આમ નામદાર નીચેની કોર્ટે મુળ ફરીયાદીએ રજુ રાખેલ દસ્તાવેજી પુરાવા ખરા અને કાયદેસરના માની નીર્ણય ઉપર આવવાની કાયદાની ગંભીર પ્રકારની ભુલ કરેલ છે.

**૧૭.** નામદાર નીચેની કોર્ટે રીસ્પોન્ડન્ટ નુ લેણુ કાયદેસર વસુલાત પાત્ર હોવાનુ માની અને આ લેણુ મુદત દરમ્યાનનુ માની કાયદાની ગંભીર ભુલ કરેલ છે.

**૧૮.** નીચેની નામદાર કોર્ટે એપેલેન્ટના કી.પ્રો.કોડની કલમ–૩૧૩ મુજબના વિશેષ નીવેદનમાં જણાવેલી કોઈ હકીકતોનો ચુકાદામાં નીર્ણીત ન કરી નીર્ણય પર આવવાની ગંભીર ભુલ કરેલ છે.

**૧૯.** નામદાર નીચેની કોર્ટે મુળ ફરીયાદી પોતાનો કેસ સાબીત કરવામાં અને રજુ રાખેલ દસ્તાવેજી પુરાવાઓ પુરવાર કરવામાં સંપુર્ણતઃ નીષ્ફળ ગયેલ હોવા છતાં નામદાર નીચેની કોર્ટે રીસ્પોન્ડન્ટ નો કેસ એપેલેન્ટે ડીસ્ચાર્જ કરેલ હોવા છતાં કેસ સાબીત માની નીર્ણય આપવામાં કાયદાની ગંભીર પ્રકારની ભુલ કરેલ છે.

**૨૦.** નામદાર નીચેની કોર્ટમાં ફરીયાદીએ રજુ રાખેલ આંક–૧૫ વાળો ચેક ધ્યાને લેતા ચેકની બોડીનુ ફોર્મેટ અલગ અલગ ઈન્ક તથા અક્ષરોથી ફીલ–અપ કરેલ હોય, આમ ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૧૭૩ મુજબ ચેકના ફોર્મમાં મટીરીયલ ઓલ્ટરેશન હોવા છતાં તે અંગે ચુકાદામાં કોઈ વિવરણ ન કરી અને હકીકત ધ્યાને લીધા વિના ચેક વેલીડ હોવાનુ માની ચુકાદો આપવામાં ભુલ કરેલ છે, જે રદ થવાને પાત્ર છે.

**૨૧.** નામદાર નીચેની કોર્ટમાં મુળ ફરીયાદી તરફે રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓમાં રેકર્ડ ઉપર ઘણા વિરોધાભાસ હોય, તે વિરોધાભાસે ભારતીય પુરાવા અધિનીયમની જોગવાઈ મુજબ ધ્યાને લેતા પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાય નહી, તેમજ રીસ્પોન્ડન્ટ નાની ફરીયાદ તથા મૌખીક પુરાવો તેમજ દસ્તાવેજી પુરાવાઓ અને ઉલટ તપાસ દરમ્યાન વિરોધાભાસ ધ્યાને ન લઈને ફરીયાદીનો પુરાવો કાયદેસરનો માની નામદાર નીચેની કોર્ટે કાયદાની ગંભીર પ્રકારની ભુલ કરી છે.

આમ, એપેલેન્ટ/આરોપીની અપીલ મંજુર કરી, આરોપીને તકસીરવાન ઠરાવતો વિ.ટ્રાયલ કોર્ટનો હુકમ રદ્દ કરવા અને આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જણાવેલ છે.

(૪) એપેલેન્ટ/આરોપી તર્ફે વિ.વ.શ્રીએ રેકોર્ડ મુજબની દલીલ હોવાનુ જણાવેલ છે.

(૫) જયારે રીસ્પોન્ડટ નં. ૧ તર્ફે વિ.એ.પી.પી.શ્રીએ રેકોર્ડ મુજબની દલીલ હોવાનુ જણાવેલ છે.

(૬) જયારે રીસ્પોન્ડન્ટ નં.ર તર્ફે વિ.વ.શ્રીએ રજુઆત કરેલ છે કે કામે આરોપીએ આપેલ ચેક પરત ફરેલ અને જેથી ફરીયાદીએ ફરીયાદ કરેલ. જે કામે ના. ટ્રાયલ કોર્ટે આરોપીને તકસીરવાન ઠરાવી સજા તથા દંડ કરવાનો હુકમ કરેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે આ કામે આરોપીએ ફરીયાદીએ સમાધાન કરેલ અને સમાધાન મુજબ પણ આરોપીએ ફરીયાદીને રકમ આપેલ નથી. વધુમાં ના. ટ્રાયલ કોર્ટે તમામ પુરવાઓ ધ્યાને લઈ યોગ્ય હુકમ કરેલ છે. જેથી અપીલ નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૭) ઉપરોકત તમામ હકીકતો, ટ્રાયલ કોર્ટ સમક્ષ તેમજ હાલની અપીલના કામે રજુ થયેલ સમગ્ર રેકર્ડ વંચાણે લેતા હાલની અપીલના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**– મુદ્દાઓ –**

૧. શું અપીલવાળા પુરવાર કરે છે કે, વિ.બીજા એડી.ચીફ જયુડી.મેજી.શ્રી, જૂનાગઢના ફોજદારી કેસ નં.૬૭૬૮/૨૦૨૨, નેગોસીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના

ગુનામા તકસીરવાન ઠરાવી સજા તથા વળતરનો તા.૧૮–૦૪–૨૦૨૪ ના રોજ કરેલ હુકમ/ચુકાદો કાયદા અને હકીકતની ભૂલભરેલો અને કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો વિરૂધ્ધનો હોય હસ્તક્ષેપ કરવાને પાત્ર છે ?

૨. શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણય નીચે મુજબ છેઃ

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

**<u>–:: કા ર ણો ::–</u>**

**<u>મુદ્દા નં.–૧ :–</u>**

(૯) ૧૧. હાલના કામે બંને પક્ષે રજુઆત અને રેકર્ડ ધ્યાને લેતાં, આ અપીલના કામે ગુણદોષ ઉપર ચર્ચા કરતા પહેલા અપીલ કોર્ટ તરીકે આ અદાલત શું સત્તા પ્રાપ્ત થયેલ છે ? તેની પ્રથમ ચર્ચા કરવી આવશ્યક છે. જયારે પણ ટ્રાયલ કોર્ટ કોઈ પણ પ્રકારની કાર્યવાહી ચલાવી ચુકાદો આપે ત્યારે તે આદેશ ન્યાયોચિત છે કે કેમ ? તેની ચકાસણી કરવા માટે અપીલનો પ્રબંધ કરવામાં આવેલ છે. અપીલ તબકકે અરજદાર પક્ષ તથા સામાવાળા પક્ષાને સાંભળવાની તક અપીલ અદાલતે કાયદાની દ્રષ્ટિએ તેમજ કુદરતી ન્યાયના સિંધ્ધાતની દ્રષ્ટિએ આપવી આવશ્યક છે. અપીલ અદાલતે ટ્રાયલ કોર્ટે જો કોઈ ભૂલ કરેલ હોય તો સુધારવાની છે અથવા કોઈ ખામી રહી ગયેલ હોય તો નિવારવાની છે અને ન્યાયનો હેતુ જળવાઈ તે જોવાની અપીલ અદાલતની ફરજ છે. અપીલ કરવા માટેની જોગવાઈ વિધાન તંત્ર દ્ઘારા આપવામાં આવેલ કાયદા મુજબનો અધિકાર છે તે સંજોગોમાં અપીલ અદાલતે પોતાની મળેલ સત્તાનું ચુસ્તપણે પાલન કરવુ જોઈએ. અપીલ ચલાવતી અદાલતને વિશિષ્ટ સત્તાઓ આપવામાં આવેલ છે તેમ છતાં સાથે એકરૂપતા જળવાઈ રહે તેવા આશયથી ક્રિ.

પ્રો. કોડની કલમ–૩૮૬ માં જોગવાઈ કરવામાં આવેલી છે. આ કલમ હેઠળ આપેલ સત્તાથી બહાર અપીલ અદાલત જઈ શકે નહી. આ કલમમાં અપીલ અદાલતને અપીલની કાર્યવાહીમાં શું સત્તા છે અને કેવો આદેશ કરી શકે તેવો પ્રબંધ કરવામાં આવેલ છે. સૌપ્રથમ તો ક્રિ.પ્રો.કોડની કલમ–૩૮૫ હેઠળ કરવામાં આવેલ જોગવાઈનું પાલન કરવાનુ રહે છે. અપીલ અદાલત સંક્ષિપ્ત રીતે અપીલ રદ ન કરે ત્યારે ટ્રાયલ કોર્ટનું રેકર્ડ અપીલના નિર્ણય માટે પહેલા મંગાવવુ જરૂરી છે. હાલની અપીલમાં એપેલન્ટ અને રીસ્પોન્ડન્ટને સાંભળ્યા બાદ અને રેકર્ડની ચકાસણી કર્યા બાદ ટ્રાયલ કોર્ટે આપેલ ચુકાદામાં હસ્તક્ષેપ કરવાના પુરતા કારણો નથી તેવા નિર્ણય ઉપર અપીલ અદાલત આવે ત્યારે અપીલ અદાલતે અપીલ રદ કરવાની રહે છે. અપીલ અદાલતે શા માટે પુરતા કારણો નથી તે કારણની નોંધ પોતાના ચુકાદામાં કરવાની રહે છે. અપીલ અદાલત પુરાવાની અથવા સંપૂર્ણ પુરાવાની ફેર ચકાસણી કરી શકે છે અને ટ્રાયલ કોર્ટે પુરાવાનું મુલ્યાકન કરવામાં ભૂલ કરી છે અથવા કાયદા મુજબ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવેલ નથી તેવા તારણ ઉપર આવે ત્યારે તેવા પ્રસંગે ટ્રાયલ કોર્ટનો આદેશ ફેરવી શકે છે.અપીલ અદાલત વિશેષ તપાસ કરવા માટે અથવા નવેસરથી કાર્યવાહી ચલાવવા માટે આદેશ આપી શકે છે અથવા ન્યાયના હિતમાં તે આવશ્યક હોય તો જ અપીલ અદાલતે કરવુ જોઈએ. ટ્રાયલ કોર્ટે તેના સમક્ષ રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરેલ હોય તેને કોઈપણ પ્રકારના કારણ વગર કે હળવાશથી લઈ ફેરવી નાંખવુ ન જોઈએ પરંતુ ન્યાયનો હેતુ માર્યો જાય છે તેવુ અદાલતને લાગે તો ટ્રાયલ કોર્ટના ચુકાદામાં હસ્તક્ષેપ કરવો જોઈએ.

(૧૦) આ કામે ચર્ચા કરતા પહેલા નેગોસીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ જોવી જરૂરી જણાય છે જે નીચે મુજબ છે :–

S.138 :- **Dishonour of cheque for insufficiency,etc.,of funds in the account :-**

Where any cheque drawb by a person on an account maintaied by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part,of any debt or other liability,is returned by the bank unpaid,either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank,such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provision of this Act, be punished with imprisonment for a term which may be extended to two years, or with fine which may extend to twice the amount of the cheque , or with both:

provided that nothing contained in this section shall apply unless-

(a) the cheque has been presented to the bank within a period of six months from the date on which it was drawn or within the period of its validity,whichever is earlief.

(b) the payee or the holder in due course of the cheque, as the case may be, makes a demand for the payment of the said amount of money by giving a notice,in writing to the drawer of the cheque, within thiry days of the receipt of information by him from the bank regarding the return of the cheqhe as unpaid , and

(c) the drqwer of such cheque fails to make the payment of the said amount of money to the payee or, as the case may be,to the holder in due course of the cheque, within fifteen days of the receipt of the said notice.

**<u>Expalnation</u>** :- For the purpose of this section,"debt or other liability” means a legally enforceable debt or liability.

**(૧૧)** આ કામે ફરીયાદીએ ફરીયાદની હકીકત પુરવાર કરવા માટે આંક–૦૫ થી પોતાનુ સરતપાસનુ સોગુદનામુ આપેલ છે. જેમાં તેઓએ ફરીયાદની તમામ હકીકતોનુ પુનરાવર્તન કરેલ છે. તેમજ ફરીયાદીએ ફરીયાદના કામે આંક–૧૫ થી

અસલ ચેક, આંક–૧૬ થી ઉપરોકત ચેક રીટર્ન થયા અંગેનો મેમો, આંક–૧૭ થી ડીમાન્ડ નોટીસની ઓફીસ કોપી, આંક: ૧૮ થી રજી.એડી. પોસ્ટ કર્યાની વીન્ડો સ્લીપ, આંક: ૧૯ થી આરોપીને નોટીસ બજી ગયા અંગેનો પોસ્ટ ખાતાનો ટ્રેક રીપોર્ટ, આંક: ૨૦ થી આરોપીને આપેલ નોટીસ રીફયુઝડના શેરા સાથે પરત થયેલાનુ કવર રજુ રાખેલ છે. આ કામે ફરીયાદપક્ષના કેસ મુજબ ફરીયાદી અને આરોપી વેપાર ધંધો કરે છે અને છેલ્લા પાંચ–છ વર્ષથી એકબીજાના મીત્રતાનો સંબંધ રહેલ છે. આરોપીને ફરીયાદ કર્યાના બે વર્ષના સમયગાળમાં અંગત ઉપયોગ માટે પૈસાની જરુર પડતા ફરીયાદીનો સંપર્ક કરેલ અને પૈસાની માંગણી કરેલ. જેથી મિત્રતાના નાતે આરોપીએ ફરીયાદી પાસેથી કટકે કટકે કુલ રૂા.૧ ,૦૦,૦૦૦/– હાથ ઉછીના વગર વ્યાજે લીધેલ. ફરીયાદીને સદર રકમની જરુર પડતા આરોપી પાસેથી તેની માંગણી કરતા ફરીયાદીને એચ.ડી.એફ.સી.બેંક, જેતપુર રોડ, જુનાગઢ શાખાનો ચેક નં.૦૦૦૧૪૧ રકમ રૂા.૧,૦૦,૦૦૦/– નો તા.૨૦/૦૯/૨૦૨૨ ના રોજ ચેક આપેલ અને તે ચેક નાખતા ઈન સફીસીયન્ટ ફં ડના શેરા સાથે પરત ફરેલ. જયારે ફરીયાદીની બચાવ પક્ષેની ઉલટ તપાસ જોવામાં આવે તો તેમા જણાવેલ છે કે '' આરોપીએ મને રૂપિયા એક લાખના બદલામાં તકરારી ચેક આપેલો છે. આ ચેક આરોપીએ મને રૂબરૂ ચેક આપેલો. આ ચેક આરોપીએ મને તા.૨૦/૦૯/૨૦૨૨ ના રોજ આપેલો. આ ચેકની કોઈ પણ વિગત મારી હાજરીમાં ભરાયેલ નથી. આરોપીએ ચેક તે જ દિવસે બેંકમાં જમા કરાવેલ.'' વધુમાં ફરીયાદીની બચાવ પક્ષેની સજેશન રૂપી પ્રશ્ન ધ્યાને લેતા તેમા ફરીયાદીએ તઓએ આરોપીને રૂા.૪૦,૦૦૦/– ગેર કાયદેસર રીતે વ્યાજે આપેલા હોય તે રકમની સલામતી માટે એક સાટા કરાર અને આરોપીના બેંકનો કોરો ચેક મેળવેલ હોવાનો ઈન્કાર કરવામાં આવેલ છે. આમ, બચાવ પક્ષેનો કેસ ધ્યાને લેતા આ કામે ફરીયાદીને ચેક આપેલ નથી કે ચેકમાં તેમની સહી નથી તેવો કોઈ બચાવ રહેલ નથી. વધુમાં આ કામે ફરીયાદવાળો આંક: ૧૫ નો ચેક ઈનસફીચન્ટના શેરા સાથે પરત ફરેલ છે. એટલેકે ચેકમાં આરોપીની સહી નથી કે સહી ડીફર

થવાને કારણે પરત ફરેલ નથી. વધુમાં બચાવ પક્ષે એક રજુઆત રહેલ છે કે ફરીયાદીને ચેક આપેલ નથી. જેથી જો તે બાબતે જોવામાં આવે તો જો આરોપીએ ચેક આપેલ નથી તો તે ચેક ફરીયાદી પાસે કેવી રીતે આવેલ તે બાબતે કોઈ હકીકત રેકાર્ડ ઉપર આવેલ નથી. વધુમાં આ કામે આરોપીએ ચેક બાબતે કોઈ ફરીયાદ કરેલ હોય તેવી પણ કોઈ હકીકત આવેલ નથી. વધુમાં આરોપીની ચેકમાં સહી ન હોવાની તકરાર લેવામાં આવેલ છે જો કે તે બાબતે કોઈ નિષ્ણાતનો અભિપ્રાય લેવામાં આવેલ હાય કે તે બાબતેના કોઈ સાક્ષી પણ તપાસવામાં આવેલ નથી. જેથી આરોપી તર્ફેનો સદરહુ બચાવ ગ્રાહય રાખી શકાય તેમ નથી. જેથી આ કામે ફરીયાદપક્ષે આક–૧૬ ના ચેકમાં આરોપીની સહી હોવાનુ અને આ ચેક આરોપીએ આપેલ હોવાનુ પુરવાર થાય છે.

**(૧૨)** આ કામે આરોપીએ ફરીયાદીને ચેક આપેલ હોવાનુ અને તેમાં આરોપીની સહી હોવાની હકીકત પુરવાર થયેલ છે જેથી નેગોસીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ તથા ૧૩૯ મુજબનુ અનુમાન કરવાનુ રહે છે. જેથી સદરહુ કલમોનો આ કામે ઉલ્લેખ કરવા જરૂરી જણાય છે જે નીચે મુજબ છે.

S.118.Presumptions as to negotiable instruments of consideration: -

Until the contrary is proved, the following presumptions shall be made:

(a) **of consideration** - that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, indorsed, negotiated or transferred, as accepted, indorsed, negotiated or transferred for consideration;

(b) **as to date** - that every negotiable instrument bearing a date was made or drawn on such date;

(c) **as to time of acceptance** - that every accepted bill of exchange was accepted within a reasonable time after its date and before its maturity;

(d) **as to time of transfer** - that every transfer of a negotiable instrument was made before its maturity;

(e) **as to order of indorsements** - that the indorsements appearing upon a negotiable instrument were made in the order in which they appear thereon;

(f) **as to stamps** - that a lost promissory note, bill of exchange or cheque was duly stamped;

(g) **that holder is a holder of due course** - that the holder of a negotiable instrument is a holder in due course: provided that, where the instrument has been obtained from its lawful owner, or from any person in lawful custody thereof, by means of an offence or fraud or has been obtained from the maker or acceptor thereof by means of an offence or fraud, or for unlawful consideration, the burden of proving that the holder is a holder in due course lies upon him.

S.139 **Presumption in favour of holder** :-

It shall be presumed, unless the contrary is proved, that the holder of cheque of the nature referred to in section 138 for discharge,in whole or in part,or any debt of other lability.

**(૧૩)** જોકે ઉપરોકત અનુમાન પુરવા અધિનિયમની જોગવાઈ મુજબ ખંડનાત્મક રહેલ છે. જેથી જો આરોપી આ અનુમાનની વિરુધ્ધના પુરવો કે સંજોગો રજુ કરે તો તે અનુમાનનોનુ ખંડન થયેલ હોવાનુ કહી શકાય અને તે સમયે આ અનુમાનનો ફાયદો ફરીયાદીને મળી શકે નહી.જે આરોપી સમગ્ર કેસના સંજોગો ઉપરથી તેનુ ખંડન કરી શકે છે. ન્યાયશાસ્ત્રના સિધ્ધાન છે કે ક્રીમીનલ ટ્રાયલમાં ફરીયાદીએ પોતાનો કેસ નિ:શંકપણ પુરવાર કરવો જોઈએ. જયારે આરોપી તેમના બચાવમાં તેથી વિરુધ્ધ માત્ર શકયતા બતાવે તો તે પુરતુ ગણાય અને

આવા સંજોગોમાં રેકર્ડ ઉપર આરોપી લાવી શકે તો ત્યારબાદ ફરીયાદી કેસ પુરવાર કરવાની જવાબદરી ફરી ફરીયાદ પક્ષ ઉપર તબદીલ થાય છે. તે માટે આરોપીએ પોતાને સાક્ષીના પાંજરામાં મુકવાની જરુર નથી કે અન્ય કોઈ પુરાવો રજુ કરવાનો રહે તો નથી. આરોપી ખુદ ફરીયાદીના પુરવા ઉપરથી પણ તેના શકય બચાવની પ્રબળતા દર્શાવી પોતાની ઉપરનો બોજો વહન કરી શકે છે. આ અંગે નામ.ગુજરાત હાઈકોર્ટ M/S. KUMAR EXPORTS V. M/S. SHARMA CARPETS. 2009(2)GLR 1240 ના ચુકાદામાં તે અંગે વિવરણ કરેલ છે. જેના પેરા–૧૧ નીચે મુજબ છે.

" The use of the phrase "until the contrary is proved" in Sec.118 of the Act and use of the words "unless the contrary is proved" in Sec.139 of the Act read with definitions of "may presume" and "shall presume" as given in Sec.4 of the Evidence Act, makes it at once clear that presumptions to beraised under both the provisions are rebuttable. When a presumption is rebuttable, it only points out that the party on whom lies the duty of going forward with evidence, on the fact presumed and when that party has produced evidence fairly and reasonably tending to show that the real fact is not as presumed, the purpose of the presumption is over. The accused in a trial under Sec. 138 of the Act has two options. He can either show that consideration and debt did not exist or that under the particular circumstances of the case the non-existence of consideration and debt is so probable that a prudent man ought to suppose that no consideration and debt existed. To rebut the statutory presumptions an accused is not expected to prove his defence beyond reasonable doubt as is expected of the complainant in a criminal trial. The accused may adduce direct evidence to prove that the note in question was not supported by consideration and that there was no debt or liability to be discharged by him. However, the Court need not insist in every case that the accused should disprove the non-existence of consideration and debt by leading direct evidence because the existence of negative evidence is neither possible nor contemplated. At the same time, it is clear that bare denial of the passing of the consideration and

existence of debt, apparently would not serve the purpose of the accused. Something which is probable has to be brought on record for getting the burden of proof shifted to the complainant. To disprove the presumptions, the accused should bring on record such facts and circumstances, upon consideration of which, the Court may either believe that the consideration and debt did not exist or their non-existence was so probable that a prudent man would under the circumstances of the case, act upon the plea that they did not exist. Apart from adducing direct evidence to prove that the note in question was not supported by consideration or that he had not incurred any debt or liability,the accused may also rely upon circumstantial evidence and if the circumstances so relied upon are compelling, the burden may likewise shift again on to the complainant. The accused may also rely upon presumptions of fact, for instance, those mentioned in Sec. 114 of the Evidence Act to rebut the presumptions arising under Secs. 118 and 139 of the Act. The accused has also an option to prove the non-existence of consideration and debt or liability either by letting in evidence or in some clear and exceptional cases, from the case set out by the complainant, that is, the averments in the complaint, the case set out in the statutory notice and evidence adduced by the complainant during the trial. Once, such rebuttal evidence is adduced and accepted by the Court, having regard to all the circumstances of the case and the preponderance of probabilities,the evidential burden shifts back to the complainant, and thereafter, the presumptions under Secs.118 and 139 of the Act will not again come to the complainant's rescue.” (Para 11)

**(૧૪)** આમ, ઉપરોકત કાયદાકીય પરીસ્થિતી ઘ્યાને લઈ આરોપી પોતે રજુ કરેલ પુરવાથી અનુમાનુ ખંડન કરે છે કે નહી તે જોવાનુ રહે છે.

**(૧૫)** આમ, ઉપરોકત કાયદાકીય પરિસ્થિતી ઘ્યાને લઈ આરોપીએ પોતે રજુ કરેલ પુરાવાથી અનુમાનનુ ખંડન કરી શકે છે કે નહીં તે જોવાનુ રહે છે. આ કામે બચાવપક્ષે ફરીયાદીની આર્થિક સધ્ધરતા બાબતેનો એક બચાવ રહેલ છે. જોકે આ

કામે ફરીયાદીની બચાવ પક્ષેની ઉલટ તપાસ ધ્યાને લેતા ફરીયાદી પૈસા આપી શકે તેવી આર્થિક સધ્ધરતા ધરાવતા ન હતા તેવી કોઈ હકીકત રેકોર્ડ ઉપર લાવેલ નથી. બલ્કે ફરીયાદીની ઉલટ તપાસમાં તેઓ નિલકંથ કેમીકલના નામથી વેપાર કરતા હોવાનુ અને ફરીયાદ દાખલ કરી તેના બે વર્ષ પહેલા નાણાકીય વ્યવહાર થયેલ હોવાની હકીકત જણાવેલ છે. તેમજ આરોપીએ તેઓ પાસે સને-૨૦૨૦ ની સાલમાં રૂ.૪૦,૦૦૦/- ની માંગણી કરેલ હોવાનુ જણાવેલ છે. જયારે ફરીયાદીએ આ સિવાય બીાકે કોઈ વ્યવહાર થયેલ ન હોવાનો ઈન્કાર કરેલ છે. તેમજ રૂા.૪૦,૦૦૦/- આરોપીને સને-૨૦૨૦માં આપેલ હોવાનુ જણાવેલ છે. તેમજ ફરીયાદી આગળ ઉલટ તપાસમાં તેઓએ આરોપીને ત્રણ ટુકડામાં રૂા.૧ ,૦૦,૦૦૦/- આપેલ હોવાનુ જણાવેલ છે. આમ, બચાવ પક્ષે ફરીયાદી આર્થિક રીતે સધ્ધરતા ધરાવતા ન હતા તેવી રજુઆત ગ્રાહય રાખી શકાય તેમ નથી.

**(૧૬)** વધુમાં બચાવ પક્ષે રજુઆત રહેલ છે કે ફરીયાદી ઈન્કમ ટેક્ષ રીટર્ન ભરતા હોવાનુ જણાવેલ છે પંરતુ આરોપીને રૂા.૧,૦૦,૦૦૦/- આપેલ હોય તેવી કોઈ હકીકત ઈન્કમ ટેક્ષ રીટર્નમાં જણાવેલ નથી. જેથી તે બાબતે જોવામાં આવે તો 2024 (0) AIJEL-CH 2012457 Ashok Saha Versus Anup Khobragadhe ના ચુકાદાના પેરા-૧૬ જોવામાં આવે તો તે નીચે મુજબ રહેલ છે.

"16. The Delhi High Court in case of Lekh Raj Sharma (supra) held that not mentioning the transaction in the ITR records by the complainant doesn't imply that the accused has shifted the burden of presumption under Section 139 of the N.I. Act. Moreover, the High Court of Madhya Pradesh in case of Ragini Gupta (supra) observed that mere non filing of ITR does not prove that the complainant has no source of income."

આમ, સદરહુ ચુકાદા તથા ના. ઉચ્ચ કોર્ટોએ આપેલ ચુકાદાના પ્રસ્થાપિત સિધ્ધાત મુજબ આરોપીને આપેલ ઉછીની રકમની વિગત ઈન્કમટેક્ષ રીટર્નમાં દર્શાવેલ ન હોય તે માત્રથી બચાવ પક્ષે પોતાના શીર રહેલ પુરાવાનો બોજો શીફટ

કરેલ હોવાનુ કહી શકાય નહી. ટુકમાં સદરહુ ચુકાદાની હકકીત ધ્યાને લેતા બચાવ પક્ષેનો સદરહુ બચાવ ગ્રાહય રાખી શકાય નહી.

(૧૭) આ કામે આરોપી તર્ફે રજુઆત રહેલ છે કે, આંક: ૧૫ ના ચેકસ સહી સિવાયના લખાણના અક્ષરો કોના તે હકીકત રેકોર્ડ ઉપર આવેલ નથી. ટુકમાં આરોપી તર્ફેના બચાવ મુજબ ચેકમાં આરોપીની સહી સિવાયનુ લખાણ આરોપીના અક્ષરમાં રહેલ ન હોવાની રહેલ છે. જેથી તે અંગે જોવામાં આવે તો ના. સુપ્રિમ કોર્ટે it is held by SC in Bir Singh vs Mukesh Kumar on 6 February, 2019 that

37. A meaningful reading of the provisions of the Negotiable Instruments Act including, in particular, Sections 20, 87 and 139, makes it amply clear that **a person who signs a cheque and makes it over to the payee remains liable unless he adduces evidence to rebut the presumption that the cheque had been issued for payment of a debt or in discharge of a liability. It is immaterial that the cheque may have been filled in by any person other than the drawer, if the cheque is duly signed by the drawer. If the cheque is otherwise valid, the penal provisions of Section 138 would be attracted.**

38. If a signed blank cheque is voluntarily presented to a payee, towards some payment, the payee may fill up the amount and other particulars. This in itself would not invalidate the cheque. The onus would still be on the accused to prove that the cheque was not in discharge of a debt or liability by adducing evidence.

39. It is not the case of the respondent-accused that he either signed the cheque or parted with it under any threat or coercion. Nor is it the case of the respondent-accused that the unfilled signed cheque had been stolen. The existence of a fiduciary relationship between the payee of a cheque and its drawer, would not disentitle the payee to the benefit of the presumption under Section 139 of the Negotiable Instruments Act, in the absence of evidence of exercise of undue influence or coercion. The second question is also answered in the negative.

40. Even a blank cheque leaf, voluntarily signed and handed over by the accused, which is towards some payment, would attract presumption under Section 139 of the Negotiable Instruments Act, in the absence of any cogent evidence to show that the cheque was not issued in discharge of a debt.

આમ, હાલના કામે આરોપીએ આંક: ૧૫ વાળો ફરીયાદવાળા ચેક ફરીયાદીને આપેલ હોવાની અને ચેક માં આરોપીની સહી હોવાની હકીકત પુરવાર કરેલ છે. જેથી ફરીયાદીનુ આરોપી પાસે રૂા.૧,૦૦,૦૦૦/– લેણી રકમ રહેલ હોય ત્યારે સદરહુ ચુકાદા મુજબ પણ ફરીયાદી લેણી રકમ ચેકમા લખવા હકકદાર બને છે. જેથી આરોપી તર્ફેની રજુઆત ગ્રાહય રાખી શકાય નહી.

(૧૮) હાલના કેસમાં આરોપીની ફોજદારી જવાબદારી નકકી કરવાની છે. અદાલએ બાબત સાથે સહમત થાય છે કે, ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમોનું અનુમાન ખંડનાત્મક છે અને આરોપીની વિરુધ્ધ ઉભા થયેલ અનુમાનુ ખંડન આરોપીએ તમામ શંકાઓથી પર રહીને સાબિત કરવાનું નથી પરંતુ શકયતાના ધોરણે સાબિત કરવાનું છે. જો કે આ કેસમાં આરોપીએ તેની વિરુધ્ધ થયેલ અનુમાનનું ખંડન કરતો કોઈ પણ પુરાવો રજુ કરેલ નથી. વધુમાં કેસની હકીકતો તેમજ કાયદાકીય જોગવાઈનું મુલ્યાંકન કરતા આરોપી ધ્વારા ફરિયાદીને આંક–૧૯ વાળો ચેક કાયદેસરના દેવા અથવા તો યોગ્ય જવાબદારી અથવા જવાબદારીના ભાગની ભરપાઈ કરવા સાર આપવામાં આવેલ હોવાની હકીકત પુરાવાકીય રીતે તેમજ કાયદાકીય આદેશાત્મક અનુમાનીત જોગવાઈ અન્વયે પુરવાર થતી હોય તેમજ ર૦૧૫(૦) એ.આઈ.જે.ઈ.એલ. – એસ.સી. – ૫૬૫૫૬ ટી વસંતકુમાર વિ. વિજય કુમારીના ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ આરોપી પોતાનો કોઈ બચાવ પુરવાર કરી શકેલ નથી કે કાયદાકીય જોગવાઈ મુજબ ફરિયાદ પક્ષના પુરાવાનુ પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી મુજબ પોતાનો બચાવ ફલીત કરી શકેલ નથી ત્યારે ફરિયાદ પક્ષ પોતાનો આક્ષેપ પુરવાર કરવામાં સફળ નિવડતા હોવાનું મારુ માનવું હોય તેમજ ટ્રાયલ કોર્ટ ધ્વારા આરોપીને તકસીરવાન ઠરાવી જે સજા અને વળતર ચુકવવાનો હુકમ કરવામાં આવેલ છે તે યોગ્ય રીતે કરવામાં આવેલ હોય તેમાં હસ્તક્ષેપ કરવાનું યોગ્ય જણાતું નથી. જેથી અપીલવાળાની અપીલ રદ કર્યા

સિવાય કોઈ વિકલ્પ રહેતો ન હોય, વિશેષ છણાવટ નહીં કરતાં જુનાગઢ ના વિધ્વાન ચોથા એડી. જયુડિશિયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ ની કોર્ટનો હુકમ કાયમ રાખી અપીલવાળાની સી.આર.પી.સી. કલમ– ૩૭૪ અન્વયેની અપીલ આથી રદ કરવી ન્યાયોચિત જણાતી હોય, મુદ્દા નં.૧ નો જવાબ નકારમા ઠરાવી મુદ્દા નં.ર માટે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

–::: હુ ક મ :::–

૧. અપીલવાળાની હાલની અપીલ ''નામંજુર'' કરવામાં આવે છે.

ર. જુનાગઢના વિધ્વાન બીજા એડી. ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ધ્વારા ફોજદારી કેસ નં.૬૭૬૮/૨૦૨૨ ના કામે તા.૧૮/૦૪/૨૦૨૪ ના રોજ કરેલ હુકમ આથી કાયમ કરવામાં આવે છે.

૩. આ ચુકાદાની પ્રમાણિત નકલ ટ્રાયલ કોર્ટના ફોજદારી કેસ નં.૬૭૬૮/૨૦૨૨ ના રેકર્ડ એન્ડ પ્રોસીડીંગ્ઝ સાથે તાત્કાલિક મોકલી આપવી.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૬/૦૩/૨૦૨૬
જુનાગઢ.

**(અમિત રમેશભાઈ રાણા)**
છઠ્ઠા એડીશ્નલ સેસન્સ જજ,
જુનાગઢ
(કોડ નં.જીજે.૦૦૯૬૫)